અપીલ અરજી નં.૧૬૫ તા.૧૧–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૧૦–૬–૧૧ની અરજીથી પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ની ઝોનીંગ અને યુઝ પ્રોવિઝનની જોગવાઈના યુઝ ઝોન ટેબલ ક્રમાંક ૧,૨,૩,નિયમ મુજબ કોઈ પણ કરદાતા રહેઠાણવાળા ઝોનમાં મોતીપાવરથી ચાલતી મશીનરીઓ નાંખી કારખાના ચાલુ કરે તો તે કારખાના બંધ કરવાની જવાબદારી શહેર વિકાસ વિભાગની આવે છે રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબત

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૫/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૧૦–૬–૧૧ની અરજીથી પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ની ઝોનીંગ અને યુઝ પ્રોવિઝનની જોગવાઈના યુઝ ઝોન ટેબલ ક્રમાંક ૧,૨,૩,નિયમ મુજબ કોઈ પણ કરદાતા રહેઠાણવાળા ઝોનમાં મોતીપાવરથી ચાલતી મશીનરીઓ નાંખી કારખાના ચાલુ કરે તો તે કારખાના બંધ કરવાની જવાબદારી શહેર વિકાસ વિભાગની આવે છે રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર તથા સાથે આ અંગે વર્તમાન વૈધાનિક સ્થિતિ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૧ તા. ૧૮–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને તેમણે વિધાન કરેલ છે શું માહિતી જોઈએ છે. તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૭૩૫ તા.૫–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૨૪ તા.૨૨–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ યુઝ ટેબલના પત્રકની નકલ અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૧૫ તા.૩–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૭–૧૧ નો પૂરક પત્રથી અરજદારે માહિતીની અરજીમાં કરેલ વિધાન બાબતે " મે કોઈ સવાલ કરેલ કે ન કોઈ વિધાન કરેલ મે માહિતી માંગેલ તે માહિતી આપવા જણાવેલ છે " તેવું જણાવેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી અરજદારે તા.૧૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવી પૂરક વિગત માંગવામાં આવેલ. જેમાં અરજદારે માહિતી આપવા બાબતે રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૨૪ તા.૨૨–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ અપીલ તબકકે સેન્ટ્રલઝોનના શહેર વિકાસ વિભાગ ધ્વારા પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ–૩ ની ઝોનીંગ અને યુઝ પ્રોવીઝનની જોગવાઈના યુઝ ઝોન ટેબલ ૧,૨,૩ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહે છે જેની નકલ આ સાથે સામેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ પરંતુ નકલ આપવાની રહી ગયેલ હોવાથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૧૫ તા.૩–૮–૧૧ થી અરજદારને તેની નકલ પૂરી પાડવામાં આવ્યાનું જણાવેલ છે. પરંતુ તેની નકલ અપીલ તબકકે અત્રે રજુ કરેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૦–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.